જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦       ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૧/૨૦૧૮  બુધવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-                                    સમાચાર યાદી નં.૧૧૦/૧૮

## દસ વર્ષ પહેલાના આર્મસના ગુનામાં વોન્ટેડ આરોપીનેપકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમબ્રાંચ

અમદાવાદ શહેરના જુદાજુદા ગુનાઓમાં નાસતાફરતા/વોન્ટેડ આરોપીઓને પકડી પાડવા સારું શ્રી જે.કે.ભટ્ટ સંયુકત પોલીસ કમિશ્નર ક્રાઇમ બ્રાંચ નાઓએ સુચના આપેલ હોય જે સુચના આધારે શ્રી દીપન ભદ્રન નાયબ પોલીસ કમિશ્નર ક્રાઇમ બ્રાંચ અને શ્રી ડો.રાજદીપસિંહ ઝાલા એડીશનલ નાયબ પોલીસ કમિશ્નર ક્રાઇમ બ્રાંચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન/સુચના હેઠળઓટોરીક્ષા પેસેન્જર ચોરી/લુંટ અને ગ્લાસ બ્રેકીંગ થેફ્ટ સ્કોડના પો.ઇન્સ. શ્રી આર.એસ.સુવેરા નાઓના સ્કોડના માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો.કો.મનોરથસિંહ ગંભીરસિંહ તથા પોકો.મોહનભાઇ લીલાભાઇ નાઓને ખાનગી રાહે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે જમાલપુર ચાર રસ્તા ખાતે વોચ ગોઠવી લોકેન્દ્રસિંગ @ રાજુ S/O બાબુસિંગ રઘુબરસિંગ ગૌતમ(ઠાકુર) ઉવ.૪૪ રહે.મુળગામઃ બજેટા તા.મૌદાહા જી.હમીરપુર ઉતરપ્રદેશ નાને તા૧૫/૧/૨૦૧૮ ના રોજ પકડી અટક કરવામા આવેલ અને સદરી આરોપી ડી.સી.બી.પો.સ્ટે સે.ગુરન૩૦૨૬/૨૦૦૭ ધી આર્મ્સ એકટ કલમ ૨૫(૧)(બી)(એ) મુજબના ગુનાના કામે વોન્ટેડ હોય સદરીને આ ગુનામાં અટક કરી આગળની કાર્યવાહી કરેલ છે



**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**